SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 30. વઢિયારનું લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિ

ડૉ જગદીશ કે રણોદરા

"પૂર્વમાં બેસણા રવદે દાદા હનુમાનજી, પશ્ચિમે દાદા વચ્છરાજ વીર;
ઉત્તરે આઈ મા ખોડિયારનાં ખમકારા, દક્ષિણે દાદા પાર્શ્વનાથ વીર."
સોહામણું ને સુંદર લાગે મારું વઢિયાર,
માનવતાની મહેંક પ્રસરાવે મારું વઢિયાર,
પે'ર્યાનાં પાથરે એવા ભોળા માનવીઓ,
ટાણા અવસરે બહુ પોહરાય મારું વઢિયાર.

અમારા વઢિયારની પણ આગવી ઓળખ છે. જે કુંવારિકાઓને ખોળે બેઠેલ અમારો સૂકો મલક પણ મીઠુડા માનવની મહેંક ચારેકોર ફેલાયેલી છે. વઢિયાર એટલે કચ્છના નાના રણની રેતીમાં રમતો અમારો
વિસ્તાર છે. વીર વચ્છરાજ અને વઢિયારનાં અઢારેય વરણની જગત જનની જગદંબા મા ખોડિયારનાં બેસણા છે. એનાં મંદિરે દર્શન કરવાથી દિલમાં ટાઢક થાય છે અને દુઃખ આવે માનું સ્મરણ કરતાં જોજનો દૂર દુઃખ રણમાં થઈને ખારા સમુદ્રમાં સમાઈ જાય છે.એવી મા ખોડિયારની રહેમ છે. મા ખોડિયારનાં ગુણગાન ગાવા મહા સુદ એકમથી મહાસુદ પૂનમ સુધી લોકમેળો ભરાય છે. જ્યાં પહેલા ખોળે દીકરી કે વહુને દીકરો અવતરે એટલે તલ-સાકર કે ગોળની સવાઈ સાની(ઘાણી) કરવામાં આવે છે. પંદર દિવસના મેળામાં માનવમેદની કિડીયારાની જેમ ઉભરાય છે.

મીંઢોળબાંધ્યા રાજકુંવરે ચોરીના બે ફેરા ફર્યા ત્યાં ગાયોની વ્હારે ચડવા બુંગિયો ઢોલ વાગે છે અને રાજકુંવરને રોમ રોમ યુદ્ધે ચડવાના કોડ જાગે છે, ત્યાં વીર વચ્છરાજ ગાયોની વ્હારે જાય છે અને વીરગતિ પામે છે. આવા શુરવીરોની ભૂમિ ગણાય છે. જ્યાં રણમાં વચ્છરાજ દાદાનું આસ્થાનું મોટું ધામ છે. ખારા રણમાં મીઠા પાણીનાં ઝરણા સમાન મીઠી વીરડી છે. અહીંયા પણ ચૈત્ર સુદ એકમથી પૂનમ સુધી લોકમેળો ભરાય છે.
અહીં સંતો ભક્તો અને કવિઓનાં ગુણગાન ગાવામાં આવે છે.

સૌરાષ્ટ્રની જેમ આ ધરતીમાં અનેક કથાઓ સમાયેલી છે. અહીંની ભૂમિમાં વનરાજ ચાવડા થઈ ગયા છે. અહીંની ભૂમિ સંત,શુરા અને ભક્તોની ભૂમિ ગણાય છે.

અમારે વઢિયાર સાહિત્ય મંચ દ્વારા ગત સાલે વણખેડ્યું વઢિયાર નાં શીર્ષક હેઠળ પુસ્તક સ્વરૂપે નહીં, પરંતું મહાગ્રંથના સ્વરુપમાં પ્રસિદ્ધ થયેલ છે. જેમાં અનેક કવિઓએ એમનાં વિચારો રજૂ કર્યા છે.

વઢિયાર પંથકનાં લગ્નગીતો દિન-પ્રતિદિન ઓસરતા જાય છે ત્યારે લગ્નગીતો અહીં મૂકવામાં આવ્યા છે.

વઢિયાર સાહિત્યને મારા જીવનનો મંત્ર ગણી હું સતત પ્રયત્નશીલ રહી પુરતો પ્રયાસ કરું છું.વઢિયાર સાહિત્યની નામના વધે અને તેમાંથી જીવનપયોગી ભાથું મળી રહે તે માટે હું ગામડામાં વૃધ્ધ વડિલોની પાસેથી જાણવા મહેનત કરું છું . જુના લગ્નગીતો લુપ્ત ન થાય તે માટે હું લગ્નગીતોને લેખીત સ્વરુપે સચવાય એવા ભાવથી રજુ કર્યા છે.

આ ઉપરાંત અમારા ગામડાની ભાતીગળ સંસ્કૃતિ જીવંત રાખવા દરેક સમાજનાં લોકો કટિબદ્ધ છે. કવિઓ, ચારણોનુ સાહિત્ય અને તુરી બારોટનાં ભવાઈવેશ અદભૂત છે.

અહીંયાં એવું કે'વાય છે કે અમારી ભૂમિને ગોચનાદની ગોરાડું અને કુંવારદની કાળેતર જમીનને પાક ઉત્પાદનમાં કોઈ ન પૂગે. એવી અમારી જમીનો છે.

ગામડાઓમાં સાતમ-આઠમનાં તહેવારોને વધાવવા શેરીએને ચૌટે એક મહિના અગાઉથી બહેન દીકરીઓ કનૈયાનાં ગીતો ગાય છે.તે ઉપરાંત નાનાં બાળકોને પોઢાડવા હાલરડાં પણ ગવાય છે.

વીસાવડી ગામે બહારવટીયા દાના પગીએ (ઠાકોર) નેક ટેકથી બહારવટું કર્યું હતું.

"ઈમાનદારીથી બહારવટુ ખેડનારા, દાનાજી ઠાકોર પગી વીસાવડી ગામના;
અંગ્રેજોએ દગાથી મારીને, રહેવા ન દીધા એમના માણસોને કોઈ કામના."

. વઢિયારી દુહા

@

મીઠડો મળે આવકારો, દિલના માણસો એ બધા દાતારી;
જોર કરીને જમાડતા,એવા નર બંકાઓ માઢુડા વઢિયારી.

@

પહેરણ-ધોતી ને ખભે રાખે ખેસ, માથે બાંધતા પાઘડી આંટિયારી;
મૂછમાં મલકાતો હોય,એ અમારી આગવી ઓળખ વઢિયારી.

વઢિયારની ભૂમિમાં અનેક સંતો,ભકતો અને શૂરવીરોની ભૂમિ ગણાય કેમકે સોરઠની ભૂમિથી કાંઈ ઓછી આંકી શકાય નહીં એવી આ ભૂમિ છે. આ ભૂમિમાં આઈનાં બેસણાં છે. વીર વચ્છરાજનું ધામ છે.

આ ભૂમિમાં સંત શ્રી તેજાનંદ સ્વામીની જન્મભૂમિ-કર્મભુમિ ગણાય છે. જેમણે ઝીંઝુવાડા ઝીલાણંદ ટાપુએ કુટિર બનાવી રહેતા હતા. આંબા-છઠાને ઉગારનારા સંત થઈ ગયા. તેમનાં વિશેની યશોગાથા અહીં વર્ણવી છે.

મહર્ષિ તેજાનંદ સ્વામી

પાડલાની પાવનભૂમિમાં પ્રગટ્યાને, એ શંખેશ્વરમાં ઉછરી મોટા થયા;
ઝીંઝુવાડા ગામે આંબા-છઠાને ઉજાળીયા,સ્વામી તેજાનંદ નામ સવાયા.

શંખેશ્વરે મધ્યમાં બિરાજે પાર્શ્વનાથ,દક્ષિણે બિરાજતા સ્વામીજી તેજાનંદ;
ધાંણધાર-પાટણવાડા પરગણેથી આવતા, સ્વામીજીનાં દર્શનથી કરતા આનંદ.

મુજપુર ગામ રાધનપુર નવાબનાં તાબાનું હતું. તે અમારા ગામઠીબોલીમાં શે'ર(શહેર) ગણાતું. આ ગામમાં ગર્ગાચાર્ય બ્રાહ્મણમાં સંત ભીમ સાહેબ થઈ ગયા. તેમણે આમરણમાં (જોડિયા) પાસે જગ્યા સ્થાપી હતી. તે દાસી જીવણનાં ગુરુ હતા.

શુક્રાચાર્ય વંશજ સ્વામી સચ્ચિદાનંદજી મહારાજની આંતરરાષ્ટ્રીય સંત તરીકે ગણના થાય છે.

બંન્ને સંતોએ મુજપર ગામની શાન વધારી છે. તે ઉપરાંત શંકરદાસ સાધુ થઈ ગયા.એ પણ સનાતન ધર્મની ધજા લહેરાવી સનાતની સત્સંગથી જોડ્યા છે.તેઓ ધારાસભ્ય પણ હતા.

મુંજપર વઢિયારનું ઉજળું નામ, આમરણ ગામે ભીમ સાહેબ સંત;
ગુરુ બ્રાહ્મણોનું ગૌરવ ગણાતા,દાસી જીવણનાં અઢારમાં ગુરુ મહંત.

ખારા રણનાં મીઠુડા માનવી છે, એમની મહેમાનગતિ અને વ્હાલ દુનિયામાં ક્યાંય જોવા ન મળે. તેમનાં ત્યાં કોઈ મહેમાન આવે તો ખુબ રાજીપો વ્યક્ત કરે.તેમની માનવતા ઉડીને આંખે વળગે એવી મોહતાજ હોય છે. અહીંના ઠાકોરો ને પગી પણ કહે છે. તેઓ માં એ ખૂબી છે કે સરહદે રહેતા હોવાથી કોઈ પણનાં પગલાની છાપ ઓળખી શકે છે. કોઈ પાકિસ્તાની રણમાંથી રાત્રે નિકળે તો એનાં પગલાંની છાપ એટલે કે પગેરું લઈને એ માણસને પકડી પાડે છે. એમનામાં એવી કોઠા સૂઝ હોય છે કે તેઓ પાણીમાં પગેરું લઈને માણસનાં પગલાં ને ઓળખી શકે છે. ગામનો કે પાંચ ગાઉં છેટાના માણસોનાં પગલાંને ઓળખી શકે છે. એમનામાં બીજા અનેક કૌશલ્યો વિકસેલા જોવા મળે છે.

ખારા રણનાં મીઠુડા માનવીનાં દર્શન કરવાથી ધન્ય થઈ જવાય છે.

અલૌકીક શક્તિનો ચમત્કાર (વચ્છરાજ દાદા)

ઝીંઝુવાડા ગામ એ એક ઐતિહાસિક નગરી ગણાતું ગામ છે. ઝીંઝુવાડાથી વાછડાદાદા જઈ શકાય. એકવાર અમે સાંજના સમયે વાછડાદાદાનાં દર્શને જવા નિકળ્યા હતા. ઝીંઝુવાડાથી વાછડાદાદાએ જતાં ચાર-પાંચ બકલાકનો પગપાળા રસ્તો ગણાય. ઝીંઝુવાડા ગામની આથમણી )ભાગોળેથી રસ્તો નીકળે.સૌ એ રસ્તે પગપાળા નીકળ્યા. ત્યાંથી થોડુંક હાલીએ એટલે રણ શરુ થાય.બધા દર્શનાર્થીઓએ રણમાં પ્રવેશ કર્યો. કાચા ધૂળિયા માર્ગમાં હાલતા હાલતા વચમાં થોડો આરામ કરવા બેઠા. અંધારી રાતે હાથબતી વગર ચાલતા જતા હતા. રણમાં

મીઠાનાં અગરો આવતા.મીઠું અહીં પકવવામાં આવે છે. જ્યાં ખટારાઓની અવર જવર ને કારણે રસ્તાઓ ઘણા હતા.ખટારાના આવન-જાવનથી રસ્તાઓ ઘણા હતા. કયો રસ્તો ક્યાં જાય એનો બહુ ખ્યાલ ન આવે એવા રસ્તાઓ રણમાં હોય.ઘણું ચાલ્યા પછી અંધારામાં કંઈ રસ્તો સૂઝતો ન્હોતો. સૌ થાક્યા પાક્યા થોડો આરામ કરવા બેઠા.થોડીવાર પછી હાલવાનું ચાલું કર્યું પણ ઘણા રસ્તાઓના ફાંટા આવતાં અમે ચિંતામાં આવી ગયા. કયો રસ્તો વાછડાદાદા એ જતો હશે...! એવા વિમાસણમાં પડી ગયા.એક વડિલ કાકા સાથે હતા.એમણે કહ્યું કે આ રણ છે અને આપણે જો રસ્તો ભૂલી જઈશું તો આખી રાત રણમાં ફરીશું પણ વાછરડા દાદાનાં મંદિરનો રસ્તો નહીં મળે. પછી થોડો વિચાર કરીને કાકાએ કહ્યું કે સામે એક દીવડો દેખાય છે ત્યાં જઈએ અને રસ્તો પૂછીએ.સૌ દીવડાની નિશાનીએ હાલતા થાય છે. ખૂબ હાલ્યા પછી થાકીને લોથ પોથ થઈ ગયા. દીવડો જે દેખાયો એ અલૌકિક શક્તિનો સાક્ષાત પરચો મળ્યો હતો. વાછડાદાદાનાં દર્શને જતાં હોય અને રણમાં ભૂલા પડીએ તો દીવડો દેખાય.જેથી એ નિશાનીએ હાલ્યા જઈએ એટલે વાછડાદાદાનુ મંદિર આવી જાય.૨૧મી સદીમાં પણ આ વાત સનાતન સત્ય છે. આજે પણ રાત્રે વાછડાદાદાનાં દર્શને રાત્રે જાવ અને ભૂલા પડીએ તો વાછડાદાદાની અસીમ કૃપાથી દીવડો દેખાય અને એ નિશાનીએ વાછડાદાદાને ધામ પહોંચી જવાય એ અલૌકિક શક્તિનો ચમત્કાર છે.

આદરિયાણામાં નાડોદા રાજપૂત સમાજનાં અખૈયા ભગત થઈ ગયા.તેમના ભજનો અને ધર્મોપદેશની વાતો આ ભૂમિમાં ધરબાયેલી છે. કુંવારદમાં ધના ભગત થઈ ગયા. નારણદાસ બાપુ (સ્વાતંત્ર્ય સેનાની) રાધનપુર અને તેની આજુબાજુના ઘણાં ગામોમાં તેમના સેવકો છે. કિલાણા પાસે મહાદેવનાં મંદિરે નારણદાસ બાપુએ વાસ કરેલો છે. મોટીચંદુરમાં હીરાપુરી બાપુનો આશ્રમ આવેલો છે, જ્યાં ટૂકડો ત્યાં હરિ ઢૂકડો ચાલે છે. આવનારા સાધુ સંતોને રહેવાનો આશરો અને રામરોટી પ્રસાદ ચાલે છે.

શંખેશ્વરમાં જૈન પાર્શ્વનાથ દાદાનું ધામ છે, ત્યાં અનેક આચાર્ય ભગવંતોનો વાસ છે.

રાજમાતા મીનળદેવી

રાજમાતા મીનળદેવીને પ્રસવની પીડા થતાં ઝુઝા નામના માલધારીએ ઝીલાણંદ શિવ મંદિરે સિધ્ધનાથ બાપુનાં આશીર્વાદથી તેમને પુત્ર રત્ન પ્રાપ્ત થતાં તેમનું નામ સિધ્ધરાજ જયસિંહ રાખવામાં આવ્યું હતું.

"ઝુંઝા રબારીએ ભેટો કરાયો,માતા મીનળદેવીને ઝીલકેશ્વર બાપુના ;  
આશીર્વાદ ફળશે તમને માતા, ઝીલકેશ્વર સિદ્ધપુરુષ સિદ્ધનાથ બાપુનાં."

"સિદ્ધરાજ જયસિંહ પાટણ પતિ, ઉપકાર કરી ઝુંઝા રબારીનું કર્યું બહુમાન;  
ઝુંઝાનાં માનમાં વસાવ્યું ઝીંઝુવાડા ગામ, સિદ્ધરાજે ઝુંઝાને આપ્યું માનપાન.

આવા લોકહૈયા હળવા કરે એવા લોકગીતો દેશી ઢોલના તાલે બાઈઓ ઘોમરો પાડીને રમતી હોય છે. તે વખતે મનોરંજનનાં ટેક્નોલોજીનાં સાધનો ફીક્કા લાગે. સાથમાં ભાઈઓ પણ હાથમાં રુમાલ રાખીને રમતા જોવા મળે. મેળાઓમાં વધુ રમતા જોવા મળે છે.

માતાજીનાં ગીતો

નવરાત્રીમાં શરુ થાય ત્યારે ગામડાઓમાં ગરબી રમાય છે. દશેરાની રાત્રે ભવાઈ કરે છે અને સવારે રામ - રાવણનું યુદ્ધ થાય છે અને રાવણનો વધ કરીને નવરાત્રી પૂર્ણ કરે છે.હવે તો સમય પરિવર્તનને લીધે દરેક સમાજની પણ અલગ-અલગ ગરબીઓ કરીને માતાનાં ગરબા ગવાય છે. માતાજીનાં લીલુડા નવરંગા માંડવા નંખાય છે અને માતાજીનાં વેરાડી,ઝૂલણા,તવન ગવાય છે.માતાજીની કૃપા વર્તાય છે. માતાજીની પલ્લી એટલે પરિવારનો એકસંપ (એકતા) નાં દર્શન થાય છે એકબીજા ન બોલતા હોય પણ પલ્લીનો મહાપ્રસાદ એક સાથે બધાને અપાય છે.

આસો માસ અને ચૈત્ર નવરાત્રીમાં રમેલ માતાના માંડવા હોય તે સમયે બારોટ, રાવળદેવ, દેવીપૂજક અને માલધારી ભાઈઓ માતાજીનાં વેરાડી ઝૂલણા ગાતા હોય છે.

આવો મા તમે ઊગતા પો'રની દેવી આવો,  
મારા લીલુડા માંડવે રમવા આવો...  
એ...મા તારા વેણા જંતર વાગે,  
માડી વેણા જંતર વાગે...

બાઈઓ અમારી આગવી સંસ્કૃતિની લઢણથી માતાજીને વિનવતા ગીતો ગાય છે.

માતાજીને રીઝવવા બાઈઓ ગીતો ગાય

જુનાગઢથી રે ઈટડી મગાવજો રે,એના મંદિરીયા ચણાવુ હારાલોર રે, ચામુડ મા મઢડે આવું તો નેજા ફરકશે...

પીઠી નાં લગ્ન ગીતો

તાવણે મેલ્યા છે પાણી વાટકડે કહે કડ્યા રે ...
મયુરભાઈ બોલાવે એમની માતા
આવો પીઠી ચોળવા રે ...
માતાના મોટેરા મને તેડાવો.
મરચાં શેર,બશેર,મરચાં લ્યો રે લોઢણીયા... વેવાઈ તારી જણનાર,મરચાં લ્યો રે લોઢણીયા
જઈ છે સોનીડા ને હાટ , રહી છે રાત - બે રાત , લાવી કડલાં ની જોડ , મરચાં લ્યો રે લોઢણીયા.

વઢિયારની આગવી બોલીની ઓળખ

ડિચરો-ડિચરી (દીકરો-દીકરી)
ડોકરો (ડોહાભા)
ડોકરી (ડોહી મા)
નાનું આવવું (બાળકનો જન્મ)
ભર્યા હાડ (ગર્ભવતી)
ચ્યમ છે..?(કેમ છે)
ચ્યા જાસ (ક્યાં જાય છે ?)
હેંડ (ચાલ )
જાયે (જઈએ)
ચમ (કેમ)
ચાં જાવું છે (ક્યાં જવુ છે ?)
હુ (શુ ?)
ઝઈડુ (કાંટાવાળું ઝાંખરું)
ભમરાળો (નસીબ વગરનો)
પણઝાર્યો (માર મારવો)
માંચડો (ખેતરે નાખે)
કટલું (ખેતરનું બારણું)
બાલીકોર (બહારની બાજુ)
(કેટલાક નમૂનારૂપ શબ્દો અહીં રજૂ કરેલ છે.)